## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




એક આ લોકો વચ્ચે જ આપણે સુરક્ષીત રહી શકીશું....!!

# સે-૩ ખાતેથી ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ઝડપાયું

## વિદેશી નાગરીકોને લોન અપાવવાના બહાને ૧૦ થી ૧૫ ટકા રકમ પડાવી છેતરતા હતા, પોલીસે રૂ.૮૦,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ ન્યું રહેણાંક વિસ્તારમાંથી સેકટર-૭ પોલીસે કોલ સેન્ટર ઝડપી પાડ્યું છે. કોલ સેન્ટર ખોલીને લોન આપવાના નામે વિદેશી નાગરીકો સાથે છેતરપિંડી આચરતા પાંચ યુવકોને પોલીસે ઝડપી પાડ્યા છે. બે સગાભાઈઓ દ્વારા સંચાલિત કોલ સેન્ટર પરથી ૫ લેપટોપ, ૬ મોબાઈલ, અને રાઉટર મળી કુલ રૂ.૮૦,૫૦૦ નો મુદ્દામાલ સાથે પોલીસે પાંચ આરોપીની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.






પોલીસ પાસેથી મળતી વિગત ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ જે.એચ.સિંઘવના માર્ગદર્શન હેઠળ ટીમ નાઈટ પેટ્રોલીંગમાં હતી. ત્યારે સેકટર-૩ એ ન્યું પ્લોટ નં.૧૩૨-૨ ખાતે ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ચાલતુ હોવાની ખાનગી રાહે બાતમી મળી હતી.જેને પગલે પોલીસે રાત્રીના એક વાગ્યાના અરસામાં ઘરના પ્રથમ માળે રેઈડ પાડી હતી. પોલીસે ઘરમાં તપાસ કરતા પાંચ યુવાનો મળી આવ્યા હતા. તેઓની તપાસ અને પુછતાછ કરતા વિદેશી નાગરીકોને લોન અપાવવાના બહાને છેતરતા હોવાનું જણાવ્યું હતું. પોલીસે પકડેલા યુવકોમાં સેકટર-૩ ન્યું પ્લોટ નં.૧૩૨-૨ ખાતે રહેતા કોલ સેન્ટરના મુખ્ય સુત્રધાર પાર્થ અશ્વિન શાહ (ઉં.૩૬) તેમજ સનિ અશ્વિન શાહ (ઉં.૨૯), સેકટર-૭ એ પ્લોટ નં.૬૧૨-૧ ખાતે રહેતો દિપ અખીલકુમાર શાહ (ઉં.૨૪), કોલવડા ગોલ્ડરતન ફલેટ ખાતે રહેતો ધિરજ કાલીદત્ત પાંડે (ઉં.૨૬), સરગાસણ શ્રી રંગ નેનો સીટી-૨ ખાતે રહેતો નિકોલસ બર્થોલોમેયુ રાયન (ઉં.૨૪)નો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી ૫૦ હજારની કિંમતના ૫ લેપટોપ, રૂ.૩૦ હજારની કિંમતના ૫ મોબાઈલ અને રાઉટર મળી કુલ રૂ.૮૦,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ યુવકો સામે પોલીસે આઈટી એકટ અને છેતરપિંડીનો ગુનો નોંધી કોરોના ટેસ્ટ કરાવવા સહિતની પ્રક્રિયા હાથ ધરી તપાસ આદરી છે. રાત્રીના સમયે આરોપીઓ વિદેશી નાગરીકોને ઈન્ટરનેટના માધ્યમથી કોલ કરતા હતા.જેમા સામેવાળા નાગરીકને લોન અપાવવા માટે વિશ્વાસમાં લઈ તેમની પાસેથી ઈન્સ્ટોલમેન્ટના નામે ૧૦ થી ૧૫ ટકા રકમ પડાવતા હતા.

## ખૂણેખાંચરેથી

- આજે સાંજે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ દ્વારા યોજાનાર વિડીયો કોન્ફરન્સ બંધ રહી હતી.
- દહેગામ તાલુકા પંચાયતની આજે સામાન્ય સભા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ છે.
- માણસાના તાલુકા આરોગ્ય અધિકારીનો રિપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યા બાદ ગઈકાલે તેમને રિકવરી થતાં હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.
- રાજયના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું હોદ્દા સંભાળ્યાને આજે એક વર્ષ પૂર્ણ થયુ છે.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આજ સુધીમાં ૬૦ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરવા માટે વિતરણ કરવામાં આવ્યુ છે.
- એસ.ટી. બસોના ઓનલાઈન રિઝર્વેશનને અત્યંત નબળો પ્રતિસાદ મળી રહ્યો છે તેને લઈ નિગમ ચિંતાતુર છે.
- આગામી ૨૫/૭ અને ૨૬/૭ ના રોજ જિલ્લામાં હળવો વરસાદ થવાની આગાહી હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૩૨ માં કરવામાં આવી છે.





કોરોના કાળમાં છેલ્લા ઘણા માસથી શાળા-કોલેજો બંધ છે. શાળાઓ બંધ હોવાથી શૈક્ષણિક કાર્ય થતું નથી. ઓનલાઈન શિક્ષણ આપી કે વીડિયો મોકલી શાળાઓ જેમ તેમ કરીને શૈક્ષણિક સત્ર આગળ ધપાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. શાળાઓ બંધ હોવાથી છ મહિનાની ફી માફ કરવા ગુજરાતી વાલી એકતા મંડળના જયેશ પટેલ અને અમિત પારેખ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને આવેનદપત્ર આપી રજૂઆત કરવામાં આવી છે.



ગાંધીનગર વરસાદમાં જાણે ખાડાનગર બની ગયું છે. ઠેર ઠેર માટી ધસી પડતાં ખાડા અને ભૂવા પડી ગયા છે. સેકટર-૧૧માં રામકથા મેદાનની સામે ટ્રકનું ટાયર જમીનમાં ઘુસી જતા સિમેન્ટ ભરેલી ગાડી ઉંધી વળી ગઈ હતી.

# કોરોનાની મહામારીની ઐસી તૈસી કરી ગુડાએ અરજદારોને મુંઝવણમાં મુકયા

## કુડાસણની એમ આઈ જી આવાસ યોજનાના લાભાર્થીઓને ગુડાએ નોટીસ આપી : ૧૫ દિવસમાં બાકી લાખોની રકમ વ્યાજ સાથે જમા કરાવો નહીંતર આવાસની ફાળવણી રદ થશે : કોરાના કાળમાં લોકડાઉનના અંતે બે છેડા ભેગા કરવાનુ મુશ્કેલ ત્યારે આવાસોની બાકી રકમ જમા કરાવવા મનસ્વી ફરમાન

ગાંધીનગર તા ૨૨

કોરોનાના કપરા કાળમાં આમ નાગરિકો માટે આરોગ્ય સુખાકારી સાથે આર્થિક બોજનુ વહન કરવુ પણ દિવસ જાય તેમ મુશ્કેલ બનતુ જાય છે. આવા સંજોગોમાં ગુડાની એમ આઈ જી આવાસ યોજના અન્વયે બાકી રહેતી રકમ માત્ર ૧૫ દિવસમાં વ્યાજ સાથે જમા કરાવવા માટે ગુડાએ અરજદારોને નોટીસ આપી છે. ત્યારે કોરોનાની મહામારીની ઐસી તૈસી કરી અરજદારોને કડક નોટીસ આપતા ગુડાના તંત્રની આ હરકતથી પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે.

કુડાસણમાં એમ આઈ જી આવાસોની ફાળવણીના અંતે આવાસ પેટે બાકીની રકમ ન ચુકવતા લાભાર્થીઓને નોટીસ આપવામાં આવી છે. અત્યાર સુધી લાભાર્થીઓ દ્વારા આવાસ અન્વયે રૂ ૩૦ હજાર ચુકવાયા છે. જયારે લાભાર્થીઓએ આવાસ અન્વયે બાકી રહેતા રૂ ૧૬.૭૦ લાખ તેમજ મેઈન્ટેન્સની રકમ પેટે રૂ ૭૫ હજાર ભરપાઈ કર્યા નથી. આ મામલે ગુડા દ્વારા કુડાસણની એમ આઈ જી આવાસ યોજના -૧ અન્વયે આવાસ ફાળવવામાં આવ્યા હોય અને રકમની ચુકવણી ન થઈ હોય તેવા તમામ લાભાર્થીઓને નોટીસ આપવામાં આવી છે. જેમાં આવાસ અન્વયે બાકી રહેતી રકમ આગામી ૧૫ દિવસમાં ૧૨ ટકા વ્યાજ સાથે જમા કરાવવા જણાંવાયુ છે. જયારે આવાસ અન્વયે રકમ જમા નહીં કરાવવામાં આવે તો મકાનની ફાળવણી રદ કરવામાં આવશે જયારે ડિપોઝીટની રકમ પણ જપ્ત કરી બાકી રહેતી રકમ વગર વ્યાજે પરત કરવામાં આવશે તેમ પણ નોટીસમાં જણાંવાયુ છે. જયારે ભવિષ્યમાં અન્ય આવાસ યોજના અન્વયે પણ અરજદારો અરજી કરી શકશે નહીં તેમ પણ ગુડાના એસ્ટેટ ઓફિસરે આપેલી નોટીસમાં જણાંવાયુ છે. આવા સંજોગોમાં અરજદારો માટે નવી મુશ્કેલી ઉભી થઈ છે. એકબાજુ કોરોનાકાળમાં છેલ્લા ચાર મહીનાથી લોકડાઉનની સ્થિતિ વચ્ચે વેપાર ધંધા પણ ઠપ્પ છે. આમ નાગરિકોની નોકરી પણ છીનવાઈ ગઈ છે. તો ઘણાં બધા પગાર કાપ વચ્ચે માંડ બે છેડા ભેગા કરે છે. ત્યારે લાખો રૂપિયાની રકમ ચુકવવા માટે ગુડાએ અચાનક જ નોટીસ મારફતે ફરમાન જારી કરતા ગુડાની આવાસ યોજનાના અરજદારો મુંઝવણમાં મુકાયા છે. કોરોનાની મહામારી વચ્ચે સરકાર પણ બેંક લોનના વિવિધ હપ્તામાં સરળતાથી ચુકવી શકાય તેવી વ્યવસ્થા કરવા માટે સુચના આપી છે. આ ઉપરાંત આમ નાગરિકોને પડતી આર્થિક હાલાકીને ધ્યાને લઈ વિવિધ પરિબળો ચકાસી તેમની મુશ્કેલીઓ હલ કરવાની દીશામાં પ્રયાસ કરી રહી છે. ત્યારે કોરોનાના કહેર વચ્ચે આ સ્થિતિમાં ગુડાના આવાસ માટે લાભાર્થીઓને આવાસની મુળ રકમ અને જાળવણીનો ખર્ચ જમા કરાવવા ગુડાએ ટુંકા ગાળાની નોટીસ આપી નવી મુશ્કેલી ઉભી કરી છે. કોરોનાના જોખમ વચ્ચે કદમ મિલાવતા નાગરિકો પોતાના પરિવારનુ ગુજરાન ચલાવવુ પણ મુશ્કેલ બન્યુ છે. અરજદારોની આર્થિક સ્થિતિ ડામાડોળ છે ત્યારે એક સાથે આટલી મોટી રકમ ચુકવવાનુ પણ મુશ્કેલ છે. આવા સંજોગોમાં આ પ્રકારની નોટીસથી ગુડાના અરજદારોમાં મુંઝવણ ઉભી થઈ છે.



શહેરમાં કોરોના સંક્રમણ વધતા સચિવાલય પાછળ આવેલા મીનાબજારની દુકાનો પાંચ વાગ્યે બંધ થઈ જાય છે. દુકાનો વહેલી બંધ થતી હોવાથી ખરીદી માટે કર્મચારીઓ અહીં ઉમટી પડે છે. સાંજના સમયે અહીં ભીડ વધી જાય છે.

# ચિલોડામાં બજારો હવે ૮ થી ૨ જ ખુલ્લા રહેશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામે કોવિડ-૧૯ ના સંક્રમણના વધતા જતા કેસોને પગલે ૨૩-૭-૨૦૨૦ થી ૫ મી ઓગષ્ટ સુધી ચિલોડાના બજારો માત્ર સવારે ૮ થી ૨ દરમિયાન ખુલશે જો કે મેડીકલ સ્ટોર્સ ચાલુ રહેશે.

આજે ચિલોડા ખાતે વેપારીઓ અને પંચાયતના આગેવાનોની મળેલ બેઠકમાં આ અંગેનો સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો. ચિલોડા એ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા બાજુથી આવતા ગાંધીનગરનો પ્રવેશ દ્વાર ગણાય છે. અહિ બજાર ખાસ કરીને શાકભાજી તેમજ અન્ય છુટક નાના-વેપાર ઉદ્યોગો વિકસેલા છે. નેશનલ હાઈવે પર આવેલ ગામ દ્વારા લોકડાઉન પછી આ આંશિક લોકડાઉન કરવાનો ગામે સ્વેચ્છાએ નિર્ણય કર્યો છે.

દરમિયાન આજે ચિલોડામાં ક્વોરોન્ટાઈન કરેલા વિસ્તારમાંથી નિયમોનો ભંગ કરનારા ૪ લોકો સામે આરોગ્યતંત્રએ પોલીસ ફરિયાદ પણ દાખલ કરી છે. મોટા ચિલોડામાં છેલ્લા એક સપ્તાહમાં ૫ થી વધુ કેસ કોરોનાના નોંધાયા છે જે ઉલ્લેખનીય છે.

# જિલ્લાના તમામ મેડિકલ સ્ટોર્સના માલિકોને "ACSyS" નામની એપ્લિકેશન ડાઉનલોડ કરી પોતાનું રજિસ્ટ્રેશન કરાવવાનો આદેશ

## તાવ, ઉધરસ, ગળામાં દુખાવો, શરદી, શ્વાસ લેવામાં તકલીફ અને ડાયેરીયા જેવી કોઈપણ તકલીફ માટે દવા લેવા આવતાં દર્દીઓની વિગતો ફરજિયાતપણે આ એપ્લિકેશનમાં આપવાની રહેશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લામાં આવેલા તમામ મેડિકલ સ્ટોર્સ (ડ્રગીસ્ટ અને કેમીસ્ટ) એ ફરજિયાતપણે **"ACSyS" ( Advanced Covied-19 Sydromic Surveillance(ACSyS) System)** નામની એપ્લિકેશન ડાઉનલોડ કરી પોતાનું રજિસ્ટ્રેશન કરવાનું રહેશે, તેવું જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ એક જાહેરનામું બહાર પાડીને આદેશ કર્યો છે.

કોરોનાના સામાન્ય લક્ષણો જેવા કે, તાવ, ઉધરસ, ગળામાં દુખાવો, શરદી, શ્વાસ લેવામાં તકલીફ અને ડાયેરિયાના લક્ષણો ધરાવતા શંકાસ્પદ કોરોના સંક્રમિત લોકો મેડિકલ સ્ટોર પર જઈ દવા લાવી પોતાની જાત સારવાર કરે છે. આવા લોકો અજાણતા પણ કોરોનાના સંક્રમણનો ફેલાવો કરી શકે છે. જેથી મેડિકલ સ્ટોર પરથી દવા લેવા જનાર શંકાસ્પદ દર્દીઓની માહિતી આરોગ્ય વિભાગને મળી રહે તો આવા જાતે સારવાર કરનાર શંકાસ્પદ દર્દીઓનો સર્વે કરી જરૂર જણાય તો તેમના ટેસ્ટ કરી તેમને યોગ્ય સારવાર આપી શકાય. કોરોના સંક્રમણનો ફેલાવો અટકાવી શકાય. જેથી ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીએ જાહેરનામું બહાર પાડીને આ એપ્લીકેશન ડાઉનલોડ કરવા માટે જિલ્લાના તમામ મેડિકલ સ્ટોર્સના માલિકોને સૂચના આપી છે.

જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જાહેરનામામાં વધુમાં જણાવ્યું છે કે, આ એપ્લિકેશનમાં રોજે રોજ તેમની દવાની દુકાને તાવ, ઉધરસ, ગળામાં દુખાવો, શરદી, શ્વાસ લેવામાં તકલીફ અને ડાયેરીયા જેવી તકલીફોમાંથી કોઈપણ તકલીફ માટે દવા લેવા આવતાં દર્દીઓની વિગતો ફરજિયાતપણે ઉમેરવાની રહેશે. તમામ વ્યક્તિઓ કે દર્દીઓ જેઓ દવાની દુકાને તાવ, ઉધરસ, ગળામાં દુખાવા, શરદી, શ્વાસ લેવામાં તકલીફ અને ડાયેરિયા જેવી તકલીફોમાંથી કોઈપણ દવા લેવા માટે આવે તો આવા દર્દીઓએ પોતાની વિગત જેવી કે નામ, ઉંમર, મોબાઈલ નંબર અને સરનામું મેડિકલ સ્ટોરને "ACSyS" એપ્લિકેશનમાં માહિતી ભરવા માટે ફરજિયાતપણે આપવાનું પણ જાહેરનામામાં જણાવ્યું છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ આ એપ્લિકેશન ડાઉનલોડ કરવામાં અને એપ્લિકેશનને લગતી સમસ્યા માટે ડૉ. અભ્યન્ત તિવારી, મોબાઈલ નંબર-૯૮૯૮૬ ૧૬૯૪૮, જી.આઈ.ડી.એમ.નો સંપર્ક કરવા પણ જણાવ્યું છે. આ હુકમ અમલવારી સમગ્ર ગાંધીનગર જિલ્લામાં તા.૨૨મી જુલાઈ, ૨૦૨૦ થી તા.૩૧મી ઓગષ્ટ, ૨૦૨૦ના ૨૪.૦૦ કલાક સુધી ( બન્ને દિવસો સહિત) કરવાની રહેશે. ગાંધીનગર જિલ્લામાં ફરજ પરના હાજર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને તેમજ ખોરાક ઔષધ નિયમન તંત્રના ડ્રગ્સ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને તથા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરના ઈસમો વિરૂધ્ધ લેખિત ફરિયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે, તેવું પણ જાહેરનામાં કલેકટરશ્રીએ જણાવ્યું છે.

માસ્ક સાથે બે ગજનું અંતર જાળવીએ | આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

૬૮.૭૩ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોને સતત ચોથા મહિને

પ્રધાનમંત્રી
ગરીબ કલ્યાણ અન્ન યોજના
હેઠળ આજથી વિનામૂલ્યે
અન્ન વિતરણ





વન નેશન, વન રેશનકાર્ડ યોજના

દેશના મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરીસ્સા સહિત ૧૯ રાજ્યો તથા દિવ-દમણ અને દાદરાનગર હવેલીના રહેવાસીઓ તેમજ ગુજરાત રાજ્યના કોઈપણ જિલ્લાના રહેવાસી, રાજ્યના કોઈપણ ગામ કે શહેરની વાજબી ભાવની દુકાન પરથી અનાજ મેળવી શકશે

અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે તા.૨૩ જુલાઈથી ૨૭ જુલાઈ દરમ્યાન (૧૫ આંકડાના રેશનકાર્ડ નંબરમાં પાછલા આંકડાની સંખ્યા એટલે કે છેલ્લે ૨૧ હોય તો ૧ નંબર સમજવો) તે મુજબ અન્ન વિતરણના દિવસો નિર્ધારીત રહેશે

| બુકલેટ નંબર : XXXXX XXXXX | NFSA (AAY+PHH) Card |
| --- | --- |
| રેશન કાર્ડ નં: | XXXXX XXXXX XXXX1 જન સંખ્યા XX |

NFSA રેશનકાર્ડ ધારકોના કાર્ડ નંબરમાં

છેલ્લા આંકડાનો નંબર ૧ અને ૨ હોય તેમને તા. ૨૩ જુલાઈ
છેલ્લા આંકડાનો નંબર ૩ અને ૪ હોય તેમને તા. ૨૪ જુલાઈ
છેલ્લા આંકડાનો નંબર ૫ અને ૬ હોય તેમને તા. ૨૫ જુલાઈ
છેલ્લા આંકડાનો નંબર ૭ અને ૮ હોય તેમને તા. ૨૬ જુલાઈ
છેલ્લા આંકડાનો નંબર ૯ અને ૦ હોય તેમને તા. ૨૭ જુલાઈ
વિનામૂલ્યે અન્ન વિતરણ કરવામાં આવશે.

અનિવાર્ય સંજોગોમાં જો કોઈ રેશનકાર્ડ ધારક રહી ગયા હશે તો તેઓએ તા.૩૧મી જુલાઈ સુધીમાં વહેલી તકે વાજબી ભાવની દુકાનેથી અન્નનો જથ્થો મેળવી લેવાનો રહેશે

- રાજ્યભરમાં આવેલી ૧૭ હજાર જેટલી સસ્તા અનાજની દુકાનો પરથી "રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા" હેઠળના NFSA (AAY+PHH) રેશનકાર્ડ ધારક તથા Non-NFSA BPL રેશનકાર્ડ ધારકને જુલાઈ-મહિનામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા. ઘઉં અને ૧.૫ કિ.ગ્રા. ચોખા વિનામૂલ્યે અપાશે
- ગ્રાહકે પોતાનું રેશનકાર્ડ, આધારકાર્ડ/ ઓળખકાર્ડ સાથે રાખવું
- કેન્દ્ર સરકારની "વન નેશન, વન રેશનકાર્ડ" યોજના હેઠળ દેશનો કોઈપણ NFSA રેશનકાર્ડ ધારક પોતાના અંગૂઠા/આંગળીની છાપ દ્વારા અથવા નોંધાયેલ મોબાઈલ નંબર પર મેળવેલ O.T.P.થી ઓળખ પ્રસ્થાપિત કરીને સમગ્ર રાજ્યમાં કોઈપણ સસ્તા અનાજની દુકાનેથી વિનામૂલ્યે અન્ન પુરવઠો મેળવી શકશે

કોરોના વાયરસથી બચવા અન્ન મેળવતી વખતે માસ્ક જરૂર પહેરીએ તથા ખોટી ભીડ ન કરીએ અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત